ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા.૨૭/૦૬/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

## રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરીષદ અંગેની શિક્ષક શિબિરમાં જિલ્લાભરના ૪૬૭ શિક્ષકો જોડાયા.

ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ પુરસ્કૃત (NCSTC) નેટવર્ક હેઠળ સમગ્ર ભારતમાં છેલ્લા ૨૨ વર્ષથી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ પ્રોજેક્ટ કાર્યરત છે. સમગ્ર ગુજરાતમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ & ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા આ પ્રવૃતિનું સંચાલન કરવામાં આવે છે. જેના ભાગરૂપે ભાવનગર જિલ્લામાં આ કામગીરી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગરને સોંપવામાં આવેલ છે. જે અંતર્ગત પ્રોજેક્ટ પરની શાળાઓએ કરવાની આગળની કામગીરી માટે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંગેના શિક્ષક ઓરીએન્ટેશન વર્કશોપનું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, દ્વારા **તા.૨૭ જૂન, ૨૦૧૫ શનિવારના રોજ સવારના ૯:૩૦ થી ૪:૦૦ દરમ્યાન મેડીકલ કોલેજ, એસ.ટી.બસ સ્ટેશન પાસે,** ભાવનગર ખાતે કરવામાં આવેલ.

આ કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં **ડૉ.રાજમલ જૈન** (Professor and Dean, Research Cell at Kadi Sarva Vishwa vidyalaya, Gandhinagar) તેમજ **શ્રીમતિ નીલાબેન ડોંગરે** (જીવન સાધના સ્કુલ, વડોદરા) પરેશભાઈ ત્રિવેદી, મહેન્દ્રભાઈ પટેલ (ડેપ્યુટી ડી.પી.ઓ.ભાવનગર) ડૉ. ભાવેશભાઈ ભરાડ ઉપસ્થિત રહેલ. પ્રાસંગિક ઉદબોધન કરી આ પ્રવૃતિનો મુખ્ય હેતુ **બાળકોને પ્રવૃતિઓ દ્વારા શિક્ષણ આપી તેઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાનો છે તેવી સમજ આપેલ**. ઉપસ્થિત તમામ શિક્ષકોનું અભિવાદન કરેલ.સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડે કરેલ.

આ શિબિરમાં **ડૉ.રાજમલ જૈન** (Professor and Dean, Research Cell at Kadi Sarva Vishwa vidyalaya, Gandhinagar) તેમજ **શ્રીમતિ નીલાબેન ડોંગરે** (જીવન સાધના સ્કુલ, વડોદરા) પ્રોજેક્ટ પરની કામગીરીનું પોતાના અનુભવને આધારે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ના હેતુઓ અને આબોહવા અને તેના ફેરફારોની સમજણ આપેલ.આ ઉપરાંત ડૉ.જયંતભાઈ વ્યાસ અને અશ્વિનભાઈ નિસરતા (શિક્ષણ શાસ્ત્ર ભવન), ડૉ.આઈ. આર.ગઢવી (મરીન સાયન્સ વિભાગ) એ પણ આ પ્રોજેક્ટ પર સંશોધન અંગેનું માર્ગદર્શન આપેલ.

ભાવનગર જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળાના કુલ મળીને **૪૬૭** શિક્ષકોએ આ માર્ગદર્શક શિબિરમાં ભાગ લીધેલ.

પ્રી. પ્રી. ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.